Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# "વર્તમાન સમયમાં સામાજિક ક્ષેત્રે મહિલા સશકિતકરણમાં ડૉ.બી.આર.આંબેડકરના વિચારો"

બારોટ જીજ્ઞેશકુમાર એ.
પી.એચડી, સ્ટુડન્ટ
વિષય- સામાજીક વિજ્ઞાન
ગ્રામવિદ્યાશાખા, હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ
**guibibarot84@gmail.com,Mo.9789808458**

સાર

પ્રસ્તુત અભ્યાસ વર્તમાન સમયમાં સમાજમાં મહિલાઓને સંવિધાનમાં પુરૂષ સમકક્ષ દરજ્જોઆપવામાં આવેલ છે અને તેની કાયદા દ્વારા સમાન હક હેતુ ડૉ.બાબા સાહેબ દ્વારા જે ચળવળ શરૂ કરવામાં આવેલ તેના પરિણામ સ્વરૂપ સ્ત્રીઓને પુરૂષ જેવા જ અધિકાર આપવામાં આવ્યા છે. અને તેના ફળ સ્વરૂપે સમાજમાં સામાજિક ક્ષેત્રે મહિલાઓનું સશકિતકરણ થયું છે.આર્થિક, રાજકિય, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આરોગ્ય ક્ષેત્રે મહિલાઓએ પોતાનું કૌવત બતાવ્યું છે. સમાજમાં સામાજિક પ્રસંગોમાં, નિર્ણયોમાં અને બાળકોની કારકિર્દિ માટે પોતાના વિચારો અને ફરજ બજાવતી થઈ છે. ઘરની ચાર દિવાલમાં કામ કરતી સ્ત્રીઆજે ગામના ચોરેસમાજ અને ગ્રામ વિકાસ અને રાષ્ટ્રના ભવિષ્ય અંગે ચર્ચા કરતી થઈ છે.મહિલાઓમાં જે જાગૃતિ આવી છે.જેનાથીતે પોતાના અધિકારો અને સન્માન માટે અવાજ ઉઠાવ્યો છે. અને આ ઐતિહાસિક અને અવિ સ્મરણિય ચળવળ શરૂ કરનાર શ્રીડૉ. બાબાસાહેબ આંબેડકર ના ફાળેછે. આજે તે ઓહયાત નથી. પરંતુ તેમની સ્ત્રીઅધિકાર માટેનું પગલું આજે સમાજમાં દરેક વર્ગની મહિલાઓને સ્વમાન ભેર જીવન જીવવા માટે પ્રેરણારૂપ બન્યું છે.

પ્રસ્તાવના :-

સંસારના રથના ચાલક બળ એવા બે મહત્વના પૈડા એટલે સ્ત્રી અને પુરુષ આ બન્નેની સમાનરૂપી ગતિથી સૃષ્ટિ ગતિ માનછે. જે સનાતન સત્ય છે. એકપણ પરિબળની અવગણના કરી શકાય નહી. મનુસ્મૃતિમાં અને પુરાણોમાં સ્ત્રીના માન- સન્માનની વાત કરવામાં આવી છે. ભગવાન મનુ એતો ત્યાં સુધી કહયુ છે, કે જયાં નારી નું સન્માન કરવામાં આવે છે,ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે. જયારે બીજી તરફ કેટલીક બાબતોમાં સ્ત્રીઓને યજ્ઞ, વ્રત, ઉપવાસ, પુત્રી જન્મને દુઃખની ખાણ, વગેરે બાબતોમાં નિષેધ જોવા મળે છે. આ હિંદુ ધર્મમાં વિરોધાભાષ જોવા મળે છે. સમય જતા મહિલાઓના વિકાસ અને ઉથ્થાન માટે વિવિધ પ્રયાસો થયા છે. સમાજમાં સ્ત્રીઓ પર થતી હિંસા અને શોષણ વિરોધી ઘણા સમાજ સુધારકોએ અવાજ ઉઠાવ્યો છે. અને સ્ત્રીઓના સન્માનમા કપરા ચઢાણ ચડવા પડયા છે અને સમાજમાં સ્ત્રીઓની ન્યાય આપવાના પ્રયત્નો કર્યા છે,જેમાં જયોતિબાફુલે, સ્વામીદયાનંદ સરસ્વતી, ગાંધીજી વગેરે જેવા સમાજ સુધારકો એ મહિલાઓને સમાજમાં માન-સન્માન મળેતે માટે કાર્યક્રમો અને પ્રવૃતિઓ કરી છે. સમાજમાં મહિલાઓ સ્વમાન ભેર જીવે અને પુરુષની સરખામણીમાં સમાન ન્યાય, હક મળે તે હેતુ થી શ્રી ડાં.બાબા સાહેબે ખૂબજ મહત્વનું યોગદાન આપ્યું છે. તેમનું આ ઐતિહાસિક પગલું એ આવનારા સમયમાં સોનેરી કિરણરૂપ સાબિત થશે અને સમાજમાં લોકહિત માટે સફળ બનશે તે હેતુથી પહેલ કરેલી. જાતિવાદ, લિંગભેદ, દલિત વર્ગને નીચો ગણવો, સ્ત્રી અસમાનતા વગેરે સમાજના દુષણોને દૂર કરવાનો પ્રયત્ન હતો. ડાં.બાબાસાહેબ આંબેડકર સમાજમાં સ્ત્રીઓ પર થતા અત્યાચાર, હિંસા,શોષણ, અસમાનતાને દૂર કરી સ્ત્રી પણ પુરુષની જેમ સમાન ન્યાય, હક, અધિકાર મળે તે હેતુથી હિન્દું કોડ બિલસંસદમાં પસાર કરેલ. આ બિલ ડાં.બાબાસાહેબે 1951 માં પસાર કરેલ. તેઓનું માનવું હતું કે ભારતમાં મહિલાઓની દયનિય સ્થિતિને સુધારી મહિલા સશકિતકરણ જરૂરી છે. મહિલાઓને પિતૃસંપતિમાં બરાબર હિસ્સોઅને પુરુષની સરખામણીમાં સમાન અધિકાર મળશે ત્યારે જ પરિવાર અને સમાજમાં વિકાસ થશે.

ડાં.બાબાસાહેબની હિન્દુ કોડ બિલ પસાર કરવા પાછળ એક શુભ ભાવના હતી. જેનાથી પાયામાંથી જ સમાજમાં એક નવિન વિચારસરણીથી મહિલાઓના માન-સન્માન અંગે સ્થાપિત થાય અને તેનો ઉલ્લંઘન કરનારને દંડ પણ થાય. મહિલાઓને છૂટાછેડાનો અધિકાર, બહુપત્નીત્વનો વિરોધ, વિધવા વિવાહ, આંતરજ્ઞાતિય લગ્નને માન્યતા, વગેરે બાબતો મહિલાઓની હકકમાં પ્રસ્થાપિત થાય તેવો ઉમદા હેતુ હતો. પરંતુ આ બિલ સંસદમાં પસાર

કરવામાં આવ્યું ત્યારે સંસદની અંદર અને બહાર વિરોધ થયો હતો. આ બિલ બાબતે ડૉ.રાજેન્દ્રપ્રસાદ અને પંડિત જવાહર લાલ નહેરૂ સહમત હોવા છતાં બિલને પસાર કરીન શકયા અનેઆ જ બિલમાથી ચાર મુદ્દાઓને સંસદમાં મંજૂરી મળી છેલ્લે ડૉ.આંબેડકર ર7 ડીસેમ્બર 1951માં આ હિન્દુ કોડ બિલ અને અન્ય મુદ્દાઓને ઘ્યાનમાં રાખી કાનૂન મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું. આ ચાર બાબત આ મુજબ છે.

(1) 18 મે 1955 હિન્દુ મેરેજ બીલ

(ર) 17 જૂન 1956 દલિતોના અધિકાર અંગેનું બીલ

(3) ર5 ઓગષ્ટ 1956 લઘુમતીઓના અધિકારો અંગેનું બીલ

(4) 14 ડિસેમ્બર 1956 હિન્દુ અસ્પૃશ્ય બીલ

ડૉ. બાબા સાહેબ આંબેડકરના સ્ત્રીઓના હક અને અધિકારની જે ચળવળ શરૂ કરેલી અને તેમને કાયદાકીય જે અધિકાર મળવા જોઈએ એ વિચારોને આજના સમયમાં તેની હયાતી અને આ મહિલાઓના પક્ષમાં મળેલા કાયદાકિય અધિકારોના કારણે જે મહિલાઓમાં સામાજિક ક્ષેત્રમાં સશકિતકરણ આવ્યું છે.તેનો પ્રસ્તુત સંશોધનમાં મળેલ માહિતીના આધારે કહી શકાય. આ અભ્યાસમાં મહિલાઓના મર્યાદિત સમૂહને ઘ્યાનમાં લઈને કરેલ છે. જેમાં દરેક વર્ગની મહિલાઓના વિચારોને અહીં ઘ્યાનમાં લેવાનો પ્રયત્ન કરેલ છે.

મહિલા સશકિતકરણ એટલે શું?

મારા મત મુજબ મહિલા સશકિતકરણ એટલે કે મહિલા સ્વયં પોતાની શકિતઓને ઓળખે,અન્ય સ્ત્રીને એક સહાયક અને માર્ગ દર્શકરૂપ પોતાની શકિતઓથી વાકેફ કરે અને સમાજિક, આર્થિક, રાજકિય, ધાર્મિક, સાંસ્કૃતિક, આરોગ્ય લક્ષી ટેકનોલોજી વગેરે બાબતોમાં પોતાની કુશળતા બતાવી પરિવાર, સમાજ અને રાષ્ટ્રને હકારાત્મક વિચારોથી વિકાસ તરફ ગતિમાન કરે.

હેતુઓ :-

(1) રૂઢિયાદી સમાજમાં કુરિવાજ અને અંધ વિશ્વાસ માંથી મુકત

(૨) સમાજમાં મહિલાઓને હિંસા અને શોષણનું પ્રમાણ ઘટયું છે.

(3) સ્ત્રીઓને શિક્ષણનો હક મળવાથી સામાજિક ઉત્થાન

(4) સમાજમાં પુરૂષની સરખામણીમાં સમાન અધિકાર

(5) સમાજમાં લિંગ તફાવત અને સ્ત્રી ભૃણ હત્યા પર રોક.

અભ્યાસ પધ્ધતિ :-

- પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસને અનુરૂપ ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવા વ્યકિતગત મુલાકાત અને જૂથ ચર્ચા કરીને મુદ્દાને ન્યાય આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ. મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકા ના 5 ગામની મહિલાઓ સાથે ચર્ચા કરેલ. જેમાં ઉત્તરદાતા તરીકે ઘરકામ કરતી બહેનો,વિવિધ વ્યવસાય સાથે જોડાયેલ બહેનો, ખેતી અને પશુપાલન કરતી બહેનો,સ્વ.સહાય જૂથ સાથે જોડાયેલ બહેનો સાથે સમાજમાં ઉપરોકત હેતુઓની ધ્યાનમાં લઈને ચર્ચા કરવામાં આવેલ અને તેઓના દ્રષ્ટિકોણની મહિલાઓના મળેલા અધિકારથી સ્ત્રીઓનુ સમાજમાં કેવું પરિવર્તન આવેલ છે તે જાણવા મળેલ.
- ભારતીય બંધારણમાં સ્ત્રીઓને મળેલા કાયદાકિય હક અને અધિકારના કારણે પ્રવર્તમાન સમયમાં શહેરની સરખામણીમાં ગ્રામિણ સમાજમાં જે ચુસ્ત રૂઢિવાદી વલણો, કુરિવાજમાં સ્ત્રી ઝકડાયેલી હતી તેમજ અંધવિશ્વાસ અને વહેમના કારણે મહિલાઓને જે સહન કરવુ પડતું હતું તે આજે આવિચારો માં પરિવર્તન જણાય છે. સમાજમાં આ બાબત પ્રત્યે જાગૃતતા આવવાને કારણે તેમજ આ બાબત મતલબ ઘરેલું હિંસા વિરોધી કાયદાકિય પગલા લેવાતા હોવાથી આ મુશ્કેલીમાંથી મુકિત મળી છે.
- પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓને હિંસાનો ભોગ બનવું પડતું હતું. દહેજ પ્રથા, જીવતી સળગાવવી, મારપીટ, માનસીક અને શારિરીક શોષણ કરવામાં આવતું હતું. અને આજે મહિલાઓને મળેલા અધિકારથી અને કાયદાના રક્ષણને કારણે મહિલા પોતાનો અવાજ ઉઠાવી શકે છે અને તે માટે મહિલા પોલિસ,1091 અને 181 નંબર દ્વારા તાત્કાલિક રક્ષણ, વકિલ, સામાજિક સંગઠનો દ્વારા સહયોગ આપવામાં આવે છે. કાયદાની જાણકારી ન ધરાવતી ગરીબ મહિલાઓને કાનૂનિ મફત સલાહ આપવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે બહેનોને ખૂબ જ ઉપયોગી છે.

- શિક્ષણનો અધિકાર એ સર્વ બાળકનો હક છે, પરંતુ રૂઢિગત માનસ અને પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રી બાળક કરતા પુરૂષ બાળકને દરેક બાબતમાં પહેલા પ્રધાન્ય આપવામાં આવે છે. પછી શિક્ષણ હોય કે આરોગ્ય. પરંતુ સર્વ શિક્ષણ અભિયાન, મફત અને ફરજીયાત શિક્ષણ જેવી વિવિધ શિક્ષણની યોજના, અને શિક્ષણ મેળવવાનો કાયદો એ કન્યા કેળવણી માટે અગત્યનું સાબિત થયું છે. આજે ગામડાની મહિલાઓ પોતાની બાળકીઓને શિક્ષણ આપવા માટે જાગૃત થઈ છે અને શિક્ષણથી પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ મેળવીને સમાજમાં સ્વમાન ભેર જીવે છે. શિક્ષક, ડૉકટર, વકીલ, વૈજ્ઞાનિક, એન્જિનીયર, સંશોધક તરીકે વિવિધ ક્ષેત્રોમાં જોડાઈ છે. ગ્રામિણ સમાજમાં મહિલાઓ શિક્ષણના કારણે જાગૃતિ આવી છે,અને બાળકોને પણ યોગ્ય દિશા સૂચન કરે છે.
- ભારતીય સમાજમાં પુરુષ પ્રધાન વિચારોમાં સતત પુરુષને હક અને અધિકાર પ્રાપ્ત થાય છે. પિતૃ સંપતિમાં દિકરીને હકક કે કોઈ અધિકાર આપવામાં આવ તો ન હતો. પરંતુ કાયદેસર મળતા અધિકારને કારણે આજે પિતૃ સંપત્તિમાં દિકરીને હક મળતો થયો છે. ઉત્તરદાતાના વિચારો પ્રમાણે તેઓ કોઈ હકક કે દાવો કરતા નથી.તે પોતાના હકને જતો કરે છે. આ પરથી કહી શકાય કે પુરુષ કરતાં સ્ત્રીઓ પોતાની ઉદારતાનું એક ઉત્તમ ઉદાહરણ સમાજમાં પુરૂપ પુરૂ પાડયું છે. જે ખૂબજ અગત્યની બાબત છે. સાથે ઘણી બહેનો વકીલ, શિક્ષક, ડૉકટર, સહકારી મંડળી, સહાયજૂથ,  વિવિધ ગ્રામ સુખાકારી સમિતિઓમાં પ્રમુખ અને મંત્રીનું પદ ધરાવે છે. પંચાયતમાં સરપંચ, પંચાયતમાં સભ્ય તરીકે પણ પદ ધરાવે છે. આમ સમાજમાં એક સામાજિક મોભો ધરાવી સ્વમાન ભેર જીવે છે. પુરુષની સરખામણીમાં મહિલાઓને મળેલા સમાન અધિકાર અને હક મળવાથી પોતાની શકિતને સમાજના ઉપયોગ માટે પોતાનું યોગદાન આપે છે.વર્તમાન સમયમાં સૌથી અગત્યની બાબત સ્ત્રી-પુરુષની અસમાનતા છે. સ્ત્રી ભૃણ હત્યા અને લિંગ ભેદના કારણે આ જે કેટલાય સમાજ અધોગતિ તરફ વળ્યા છે. લિંગ ભેદ અને સ્ત્રીભૃણ હત્યા જેવા ગુનાઓને કાયદાના રક્ષણથી તેનો અમલ કરી તેનું ઉલ્લંઘન કરનારને કડકમાં કડક શિક્ષણ પણ કરવામાં આવે છે. જેના કારણે આગુનાને અંકુશમાં રાખી શકાયા છે. મહિલાઓમાં આ બાબતે જાગૃતિ આવવાને કારણે સ્વયં મહિલાઓ જ આ દૂષણને દૂર કરવા કમર કસી છે. જેમાં પુરુષો પુરેપુરો સહયોગ મળ્યો છે.

આમ, ઉપરોકત બાબતો અભ્યાસ પરથી જાણવા મળેલ છે. જેના પરથી કહી શકાય કે.. કેરીની ગોટલી વાવવામાં આવે ત્યારે એ આંબાનું ઝાડ પરિપકવ ફળ આપતું થાય ત્યારે તેના ફળ અન્ય લોકો ખાય છે. તેવી જ રીતે ડૉ.બાબાસાહેબ આંમબેડકરે જે સ્ત્રી અધિકાર અને તેના

સન્માનની ચળવળ શરૂ કરેલી તે આજે ફળ સ્વરૂપમાં સમાજમાં દરેક સ્ત્રી જાતિને તેનું ફળ મળ્યું છે. સમાજમાં સામાજિક ક્ષેત્રે મહિલાઓનું સશક્તિકરણ થયું છે. આર્થિક, રાજકિય, શૈક્ષણિક,સાંસ્કૃતિક ક્ષેત્રમાં મહિલાઓનું સશક્તિરણ જોવા મળે છે. અને મહિલાઓમાં જે જાગૃતિ અને પોતાના અધિકારો અને સન્માન માટે જે આવજ ઉઠાવ્યો છે,તેનો શ્રેય શ્રીડૉ.બાબાસાહેબ આંબેડકરના ફાળે જાય છે. આજે તે હયાત નથી પરંતુ તેમની સ્ત્રી અધિકાર માટે ચલાવેલી ચળવણની પહેલ આજે સમાજમાં દરેક વર્ગની મહિલાઓને સ્વમાન ભેર જીવન જીવવા માટે પ્રેરણારૂપ બની છે. સાથે સમાજમાં દરેક માનવસમુદાયને સહાયક છે.

સંદર્ભસૂચિ :-


(1) ડૉ.એમ.આર.સિંગારીયા, ડૉ.બી.આર.આંબેડકર અને મહિલા સશક્તિકરણ જર્નલઓફરિસ ર્ચઈનહયુમન રાઈટ એન્ડ સોશિયલ સાયન્સ, ૨014

(૨) Arya, Sudha, women Gender Equality and the state.

(3) D.Keer, 1987 Dr.Ambedkar life and mission, Bombay.

(4) જિજ્ઞેશબારોટ :પંચાયતીરાજદ્વારા ગ્રામિણમહિલાઓનોવિકાસ, સનરાઈસપબ્લીકેશન, ૨017